સેવા - સદ્ભાવના-સત્કાર્ય-સદાચાર-સંયમ-સરળતા અને શિસ્તની સોડમ ફેલાવતું એકમાત્ર સાપ્તાહિક

Govt. Of R.N.I. No. GUJGUJ/2013/52780

# મનમંચ

મનમંચ સાપ્તાહિક

તંત્રી : મયુર શેઠ

www.manmanch.net

Postal Rg. No. VDR (E) 328/2014-2016

પ્રતિ

VALID UP TO 31.12.16
Posted From Bahadarpur Post Office

ન્યાયક્ષેત્ર સંખેડા કોર્ટને આધિન

વાર્ષિક લવાજમ રૂા. પર + રવાનગી ખર્ચ રૂા. ૪૮

PUBLISHER, OWNER, PRINTER, EDITOR : MAYUR KANTILAL SHETH M. 9427397503/9924630321 ■ YEAR : 3 ■ ISSUE : 13 ■ PRICE : RS. 1 ■ DATE : 17/9/2015 THURSDAY

OFFICE AT: OPP. SHREENATHJI TEMPLE, MITHAKUVA, AT.& PO. BAHADARPUR, TA. SANKHEDA, DIST.CHHOTAUDEPUR (GUJARAT) ■ E-Mail : manmanchnews@gmail.com

"SON OF BAHADARPUR"

# માનનીય શ્રી નવનીતભાઈ શાહને જન્મદિવસની શુભકામનાઓ....



તેજપૂંજ, જયોતિષ, જાજવલ્યમાન સૂરજની તેજસ્વીતા, અનંત અમાપ મહાસાગરની મહાનતા, વિશાળતા,અને મહેક ખુશ્બુ ફેલાવતા પુષ્પોના બાગનું જતન કરતા બાગબાન માળી આ ત્રણેનો સરવાળો કરી તેના વલોણામાં વલોવી મનોમંથન કરવામાં આવે ત્યારે તેમાંથી નીતનીત નવિન નવનિત(માખણ)નિપજે તેમ કર્મઠ, કર્તવ્યનિષ્ઠ, કર્મયોગી, સાચા સાક્ષર, સારા અધ્યાપક, શિક્ષક અને સમાજ સેવા પ્રત્યે જીવન સમર્પિત કરી દેનાર, સાચા માનવધર્મને વરેલા માનવતા અને શિક્ષણ, સેવાના પૂજક, ઉપાસક મંગલ ભારતી ગ્રામ વિધીઠના પાયાના પથ્થર, સ્થાપક સંચાલક પં.પૂ વંદનીય, આદરણીય,માનનીય શ્રી નવનીતભાઈ શાહના ૮૫માં જન્મદિને તેઓશ્રીને લાખ લાખ અભિનંદન સહ જન્મદિન મુબારક-તેઓશ્રીના સારા સ્વાસ્થ્ય,આરોગ્યની વૃધ્ધિ અને દિર્ધાયુષ્ય માટે શ્રી દ્વારીકાધીશ પ્રભુને પ્રાર્થના.

તેઓશ્રીના ૮૫ માં જન્મદિને તા ૧૮-૯-૧૫ તેમના જીવન કવન વર્ણવવાનું અહોભાગ્ય મારા હાથે લખાયુ તેનું મને ગૌરવ છે.હું ધન્યતા અનુભવુ છુ.નરસિંહ મહેતાએ વર્ણવેલા પારકી પીડાને સમજી તેનું નિવારણ કરવા વાળા,તેને મદદ સહાય કરનારા સાચા વૈષ્ણવજન એવા શ્રી નવનીતભાઈ શાહ સેવાદળના કાર્યકર્તા,બહાદરપુર ગામના

## વ્યક્તિ વિશેષ

દ્વારકેશ સંસ્કાર કેળવણી મંડળના પ્રમુખશ્રી, મંગલ ભારતી ગ્રામ વિધાપીઠના સંસ્થાપક અને સંચાલક, નિયામકના ઉચ્ચપદે રહી સેવા કાર્ય બજાવે છે.કૃષી વિકાસ,ગ્રામ વિકાસ, કૃષિ વિજ્ઞાન-વિદ્યાના શિક્ષણના પ્રચાર પ્રસાર, ગૌ સેવા- ગૌ સંવર્ધન, ગૌ-શાળા ની પ્રવૃતિ, ગરીબ દર્દીઓની સારવાર માટે દવાખાનું, કૃષી ખેતીવાડી કોલેજ,ઉત્તર બુનિયાદી કૃષી શાળા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અને અસકત વૃધ્ધો માટે વૃધ્ધાશ્રમ કેન્દ્ર જેવી સંસ્થાઓનું સર્જન કરનાર તેનું કુશળ,સફળ વહીવટ સંચાલન કરી રહયા છે.

શ્રી નવનીતભાઈ શાહનો પરિવાર અમેરિકામાં વસે છે ત્યારે તેઓશ્રી અહીં એકલા, પરિવાર, પરિવારજનોથી દૂર રહી શિક્ષણ અને કૃષી ગ્રામસમાજસેવાનું કાર્ય કરતા કર્મવીર, કર્મયોગી જેવા સેવાના ભોખધારી સાચા સેવક, સાચા માનવ થઈ માનવ સેવાનું ઉમદા કાર્ય કરી રહયા છે.

ઉંમર થવાથી, શરીર શકિત ઓછી થવા છતાં આત્મશ્રધ્ધા (વિલપાવર)ની મજબૂતાઈ ના જોરે તેઓ આજ દિન સુધી શિક્ષણ સંસ્થાનું સંચાલનનું સેવા કાર્ય કરી રહયા છે.તે

અનુ. પાન નં.૩ પર

### HAPPY BIRTH DAY
### " SON OF BAHADAR PUP"







" કર્મવીર ", " કર્મ યોગી " , " વિકાસ પુરૂષ " " સેવા જન " શ્રી નવનીતભાઈ શાહ સાહેબને "મનમંચ" સાપ્તાહિક પરિવાર જન્મદિન મુબારક ની અનેક અનેક શુભકામનાઓ, શુભેચછાઓ સહ અભિનંદન પાઠવે છે.

આપ સાહેબ બહારદપુર ગામ ના વિકાસ કાર્યો, દ્વારકેશ હાઈસ્કુલની સ્થાપના વિકાસ અને સંચાલન પ્રમુખપદ અને જંગલમાં મંગલ સર્જી મંગલભારતીનું નિર્માણ કર્યું. આપના શુભ કર્મો અને વિકાસ કર્મોને બીરદાવતાં આપના સુદિર્ઘ સેવારત , કર્મરત ૮૪ વર્ષના સફળ આયુષ્યની વિકાસ યાત્રા, કર્મયાત્રાના કર્મપથ ચાલીને આપ ૮૫ માં શુભ જન્મ દિવસની મંઝીલે પહોંચ્યા છો. આપ તંદુરસ્ત, સ્વસ્થ રહી વિકાસના સેવા કાર્યો કરવાનું ચાલુ રાખી દિર્ધાયુષ્ય પ્રાપ્ત કરો એ દ્વારકાધીશ પ્રભુને પ્રાર્થના.

તંત્રી મયુર શેઠ
યજ્ઞેશ ત્રિવેદી " મન ઝરૂખો " તથા સમગ્ર " મનમંચ " પરિવાર
શ્રી દ્વારકેશ સાર્વજનિક હાઈસ્કુલ પરિવાર
મંગલભારતી પરિવાર

## HAPPY BIRTH DAY TO " SON OF BAHADARPUP "
## DEAR & HONOURABLE Mr. NAVANITBHAI SHAH

### આપ જીઓ હજારો શાલ, હર શાલ કે દિન હો પચ્ચાસ હજાર "

આદરણીયશ્રી નવનીતભાઈ શાહ આપને જન્મ દિન મુબારક. અનેક અનેક શુભકામનાઓ સહ અભિનંદન. શ્રી દ્વારકાધીશ પ્રભુની પરમ કૃપાથી આપનું શરીર સ્વાસ્થ્ય, આરોગ્ય તંદુરસ્તી વધે અને આપ દિર્ધાયુષ્ય થાવ એવી પ્રભુ પ્રાર્થના.

" વિકાસ પુરૂષ " "SON OF BAHADARPUP"

શ્રી નવનીતભાઈ શાહના પ્રયાસો, દાતાઓના ઉદાર દાનનું પરિણામ બહાદરપુર ગામનો વિકાસ પ્રગતિગામી સોપાનો

(૧) બાલમંદિર અને ધોડિયાધરોનું નિર્માણ (૨) કન્યાશાળાનું નવનિર્માણ (૩) શ્રી દ્વારકેશ સાર્વજનિક હાઈસ્કુલ, બહાદરપુર નું નિર્માણ - પ્રમુખપદ (૪) દ્વારકેશ હાઈસ્કુલમાં લેબોરેટરી, પ્રાર્થના હોલ, કોમ્પ્યુટર હોલ, અને પ્રાથમિક વિભાગ શાળાના મકાનનું નિર્માણ (૫) બહાદરપુર ગામમાં વ્યાયામશાળા, સેવાસદન પ્રવૃતિ, સ્કાઉટ , રાષ્ટ્ર ભાષા હિન્દી વિકાસ ના વર્ગો. (૬) બહાદરપુર ગ્રામ વિકાસ :- પાણી માટે વોટર વર્કસ, લાઈટો, રોડ રસ્તા નો વિકાસ . (૭) સરકારી દવાખાનાનું નિર્માણ (૮) વૈષ્ણવ વણિક ઝારોલા જ્ઞાતિ સમાજ ની વાડીનું નવ નિર્માણ. (૯) છપ્પન ભોગની ધાર્મિક પ્રવૃતિનું સદકાર્ય થી શ્રીજી ભક્તિ.

બહાદરપુર ગામના વિકાસના આ સદકાર્યો તેમાં નાણાકીય સરકાર, અન્ય રીતે સાથ સહયોગ આપનાર ગ્રામજનો, અગ્રગણ્યો તથા એન.આર.આઈ ના સખાવતી દાન થી શકય બન્યા. નવનિતભાઈ બહાદરપુર ગામના વિકાસ - પ્રગતિની શોભા વધારતા મોર છે તો દાન સહાય , સાથ સહકાર આપનાર ગ્રામજનો મોરની શોભા વધારનારા તેમના કળાના મોરપીંછા છે. પીંછાની સુંદરતાની શોભાથી મોર રળીયામણો છે.

* (૪) મંગલ ભારતીની ભૂમિ પર કંડારાયેલી વિકાસની કેડી પર નવનીતભાઈના આગેકદમ :- જંગલને કર્યુ મંગલ

(૧) મંગલભારતી ગ્રામ કૃષિ વિદ્યાપીઠમાં કૃષિ સ્નાતક બી.આર.એસ.નું શિક્ષણ (૨) ગ્રામ વિકાસ - વિસ્તરણ કાર્યક્રમ (૩) વિજ્ઞાન ભવન - કૃષિ વિજ્ઞાન પ્રયોગશાળા (૪) ગોપાલન, ગૌસંવર્ધન, ગૌશાળા (૫) ધો. ૧ થી ૭ ની પ્રાથમિક અને ધો.૮ થી ૧૨ ના ઉત્તર બુનિયાદી નિવાસી આદિવાસી આશ્રમ શાળાઓ (૬) ગીતા જ્ઞાન નો પ્રચાર પ્રસાર. (૭) મહિલા સશક્તિકરણ - બાલ જગત અને મહિલા વિકાસ બાલવાડિઓ અને ૪૯ ધોડિયાધરો- મહિલા મંડળો (૮) કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (૯) શ્રીનાથજી મંગલ ધામ પ્રોજેક્ટ (૧૦) વૃધ્ધાશ્રમ, વૃધ્ધો ને વિશ્રાંતિ અને વિસામો. (૧૧) "તારા મંગલમ ટ્રસ્ટ " - માતૃ ઋણની ચુકવણી

* આદરણીય , માનનીય , સન્માનનીય " SON OF BAHADAR PUP " શ્રી નવનીતભાઈ શાહ સાહેબ આપના વિકાસ કાર્યો, શૈક્ષણિક વિકાસ પ્રવૃતિઓ, સેવાકાર્યો, ને ગૌરવ પ્રદાન કરતાં આપ સાહેબના ૮૫ માં જન્મદિને ૧૮-

અનુ. પાન નં.૨ પર

### શ્રી નવનીતભાઈ રમણલાલ શાહ - SON OF BAHADARPUR

## સેવાકર્મની સુવાસથી મહેક્તી જીવન ઝરમરની સફર

*ધુપસળીની સુવાસ સમુ સેવા કર્મમય, સેવારત જીવન જીવેલા, મંગલભારતી ગ્રામ વિધાપીઠના પાયાના પથ્થર સમા સ્થાપક, નિયામકશ્રી તથા માનદમંત્રી તથા પ્રમુખ છે.તથા બહાદરપુર ગામની શ્રી દ્વારકેશ સાર્વજનિક હાઈસ્કૂલના સંચાલક મંડળ, સાર્વજનીક સંસ્કાર મંડળના પ્રમુખશ્રી તરીકે સેવારત છે.*

*તા ૧૮-૯-૨૦૧૫ના શુભદિવસે તેઓશ્રીનો ૮૫ મો જન્મદિવસ છે.૮૪ વર્ષ નું સુદિર્ઘ કિર્તિમાન,કાર્યરત , કર્મઠ અને સેવામય જીવન જીવેલા મહાનુભાવ 'વિકાસ પુરૂષ" " કર્મવિર" શ્રી નવનીત ભાઈને જન્મદિનના અભિનંદન સહ તેમના જીવનના કાર્યો , સેવાઓ ની સુવાસીત મહેકને માણીએ, જાણીએ.*

*(૧) શ્રી નવનીતભાઈ રમણલાલ શાહ-બહાદરપુર" SON OF BAHADARPUR જન્મતારીખ :- ૧૮-૯-૧૯૩૧ (૨) પિતાશ્રીનું નામઃ- શ્રી રમણલાલ નાથાલાલ શાહ*

*શૈક્ષણિક લાયકાતઃ-૧)બી.એ. અર્થશાસ્ત્ર/ રાજયનીતિશાસ્ત્ર-૧૯૬૦ 3) બી.એ રાજયનીતિશાસ્ત્ર/ સહકાર-૧૯૬૫ (૪) એમ.એ.ઈતિહાસ-૧૯૬૪ એમ.એસ.યુનિ.વડોદરા ૫) એસ.ટી.સી.(ગુજરાત રાજય)*

*શૈક્ષણિક સેવા કારકિર્દીઃ- ૧)માધ્યમીક શાળામાં મદદનીશ શિક્ષક -૬ વર્ષ ૨) શારદા ગ્રામ મંગલાયતન બુનિયાદી શાળા માં-૩ વર્ષ ૩) કોલેજ અધ્યાપક ૮ વર્ષ-ઈતિહાસના વ્યાખ્યાતા*

*૪,પોસ્ટ ગ્રેજયુયેટ વર્ગોમાં વ્યાખ્યાતા ૨ વર્ષ-સૌરાષ્ટ્ર યુનિ. ૫)આચાર્ય, મંગલભારતી ગ્રામ વિધાપીઠ-૧૦ વર્ષ*

*બહુમાન, સન્માન નો ખીતાબ-" SON OF BAHADARPUR"*

*કાર્યનુભવઃ- ૧) ત્રણ વર્ષ ગ્રામ ઉન્નતિ સહકારી ચળવળ પર કાર્ય ૨) ત્રણ વર્ષ સ્કાઉટીંગ ફિજીકલ એજયુકેશન શીબીર, શારદાગ્રામ 3)કેન્દ્ર નિયામક-કોંગ્રેસ સેવાદળ કેન્દ્ર-૭ વર્ષ*

*૪) કન્વીનર-કોઠારી કમિશનના અમલીકરણ-ઉચ્ચ શિક્ષણમાં કામગીરી-સૌરાષ્ટ્ર યુનિ.(રાજકોટ) ૫) મંત્રીઃ-ગુજરાત ઈતિહાસ પરીષદ રાજકોટ શાખા ૬) પ્રમુખઃ- તારા મંગલમ ટ્રસ્ટ, વડોદરા. ૭) પ્રમુખઃ- વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિ,સુરત સલંગ્ન ગ્રામવિધાપીઠ સમાજ ૮)નઈ તાલીમના અમલ માટેની ચાલુ શાળાઓમાં કામગીરી પ્રોજેકટ ૯) સંચાલક,સર્વોદય યોજના(બહાદરપુર)*

*મંગલભારતી વિધાપીઠના સંસ્થાપક,સંચાલક શ્રી નવનીત ભાઈ શાહ સેવા , સમર્પણ, ત્યાગની ભાવના અને આદર્શને જીવતુ વિશિષ્ટ વ્યકિત વિશેષ વ્યકિત્વ છે.તેઓએ બાળ વયે કૃષિ-ગોપાલનનાં સંસ્કારો અને પછી શિક્ષણક્ષેત્રે સમગ્ર જીવન સમર્પિત કર્યું.પંદર સોળ વર્ષના વયથી વ્યાયામ શાળા, રાષ્ટ્રીય સેવાદળ,રાષ્ટ્રભાષા હિંદી પ્રચારનું કાર્ય કર્યું.બહાદરપુર હાઈસ્કૂલના મહામંત્રી પદે અને પ્રમુખપદે રહી હાઈસ્કૂલનો સર્વોત્તમ વિકાસ કર્યો આજે પણ તેના પ્રમુખ છે.*

*શારદાગ્રામ ,વડોદરા,અમદાવાદ અને રાજકોટ શાળા, કોલેજ અને યુનિવર્સીટી માં અધ્યાપન કાર્ય કર્યુ છે.તેઓશ્રી શિક્ષણ ક્ષેત્રેનો જીવ છે.શિક્ષણ, ઈતિહાસ, રાષ્ટ્રીય ઘડતર અને ધર્મ પર આગવું ચિંતન મનન કરેલ છે.શ્રી નવનીતભાઈ રાજકારણથી પર સંપૂર્ણ મુકત પ્રસિધ્ધીથી દુર, એક નિરાળી પ્રતિભા, મેધાવી પ્રતિભા ના માલિક વિશિષ્ટ વ્યકિત,સેવા કાર્યોના વ્યકિત વિશેષ છે.ભણેલા, યોગ્યતા બેરોજગાર શિક્ષણ યુવાનની સ્થિતિ જોઈ જેમનું હદય દ્રવી ઉઠયુ ત્યારે તેઓશ્રીએ વિપુલ રોજગારીની તકો ધરાવતા કૃષિ ક્ષેત્રે આધારીત મંગલ ભારતીય ગ્રામ વિધાપીઠની સ્થાપના કરી.ઈ.સ.૧૯૭૨ ના જુલાઈમાં પુજયશ્રી રવિશંકર મહારાજના મંગલપ્રવચન અને આર્શીવચન થી મંગલ ભારતીનો મંગલ શુભારંભ થયો હતો.*

** 'SON OF BAHADARNPU" અમેરિકામાં વસવાટ કરતા બહાદરપુર ગામના લોકોએ ભેગા મળી શ્રી નવનીતભાઈ ને "SON OF BAHADARNPU" નો એવોર્ડ આપી સંમાનીત,બહુમાનીત કર્યા.નવનીતભાઈએ સતત પોતાના બહાદરપુર ગામ પ્રત્યે ફરજ સેવા કરી છે.તેનો વિકાસ વિષે ચિંતા,અને ચિંતન કર્યુ છે.વિવિધ સંસ્થાઓની સ્થાપના કરી તેના સંચાલનનું કાર્ય કર્યુ છે.એક દિકરો જે રીતે મા બાપ*

અનુ. પાન નં.૨ પર

## શ્રી નવનીતભાઈ રાજકારણથી સંપૂર્ણ મુકત, પ્રસિધ્ધીથી દુર, એક નીરાળી વિશિષ્ટ વ્યકિત છે



તંત્રી સ્થાનેથી
- મયુર શેઠ

## માટીના મંગલમૂર્તિ

આજે શ્રીજી ગણેશ મંગલ મૂર્તી વિધ્ન હર્તા , ગજાનન, ગજકર્ણ , એકદંત, ભાલચંદ્ર, રિધ્ધિ - સિધ્ધિ ના સ્વામી દાતા , નાયક , વિનાયક નો મહામંગલકારી મહોત્સવ ગણેશ ચતુર્થી ના શુભ મંગલ દિવસે સમગ્ર દેશ , મહારાષ્ટ્ર અને આપણા ગરવા ગુજરાત ના ગામે ગામ ને ઘરે ઘરે શ્રી ગણેશજી પધારશે. દસ દિવસનો મંગલ ગણેશોત્સવ ઉજવાશે.

ભગવાન ગણપતિ બાપાની માટી ની મૂર્તિ બનાવવાનું પર્યાવરણીય દ્રષ્ટીએ ઉત્તમ અને શ્રેષ્ઠ છે. સરકારે નિર્દેશ - આદેશ કરેલ છે , કાનુન અને કોર્ટનો પણ આદેશ છે. સર્વ ગણેશ ભક્તો અને ગણેશ મંડળો તેનો આદર માન કરે , અપનાવે અને અનુસરે એજ સર્વના હીતમાં છે. પી.ઓ.પી ની ગણેશ પ્રતિમાઓનું નદી , તળાવો માં વિર્સજન કરવાથી તેના કેમીકલ અને કલરોની અસરથી નદીઓ, તળાવો અને મુંબઈના સાગર માં જળ પ્રદષણ સર્જાતા અનેક જળચર જીવોને જીવનું જોખમ સર્જાય છે. ને મોટી સંખ્યામાં જીવ ગુમાવે છે. જે ઘણું દુ:ખદ છે. આમ ના બને તે માટે આપણી સૌની પવિત્ર ફરજ, નાગરિક ધર્મ , પર્યાવરણ ધર્મ છે કે આપણે આમ થતું અટકાવીએ . માટીના મંગલ મૂર્તી સ્થાપીએ.

ઉપરાંત કોર્ટ, કાનુન અને સરકારનો નિર્દેશ આદેશ છે કે મર્યાદિત કદની શ્રજી ગણેશ મૂર્તી સ્થાપવી. મૂર્તિકારોને પણ મયાર્દિત કદની મૂર્તી બનાવવાનો આદેશ કરેલ છે. ( કદાચ વિલંબથી) જે ઘણો અગાઉથી કરવો જોઈએ. મૂર્તીઓ બની જતાં પહેલા સૌથી ઊંચી , સૌથી મોટી , સૌથી મોંઘી ગણેશ પ્રતિમા આપણી જ હોય તેવી સર્વ ભક્તો અને ગણેશ મંડળોની મહેચ્છા , સ્પર્ધા, ગેલછાં થોડી અસ્થાને લાગે ! ગણેશ ભક્તિ, સેવા ની સ્પર્ધા હોવી જોઈએ. ! માટી ની ઈકો ફ્રેન્ડલી મૂર્તી ની સ્પર્ધા હોવી જોઈએ. નહી કે પી.ઓ.પી.ની. કેમીકલ કલરની , ઊંચા કદની અને સૌથી મોટી સૌથી મોંઘી મંગલ મૂર્તી પ્રતિમા ની સ્પર્ધા !! નાના મર્યાદિત કદની શ્રીજી પ્રતિમા ની સવારી અને વિસર્જન માં પણ ઘણી સરળતા રહે છે. આ બાબતે પ્રત્યેક ગણેશ ભક્તો અને મંડળોએ સમજપૂર્વક વિચારવું. યોગ્ય કરવું ને તેજ સુયોગ્ય ને અપનાવી અમલ કરવો આવકાર્ય છે જ અતી આવશ્યક પણ !!

ગણેશ વિસર્જન માં માત્ર મૂર્તી ઓનું જ વિર્સજન કરીએ. ફુલો, હાર, પૂજા સામગ્રી ના નિર્માણ્ય ને ભૂમિમાં ભંડારી દેવાથી જળ પ્રદૂષણ થતું અટકશે. પાણીનો બગાડ થતો અટકાવીએ. આ વર્ષે વર્ષાદ અપૂરતો , નહીવત છે. પાણીની કટોકટોમાં પાણીનો દુર્વ્યય , બગાડ અટકાવવો આપણી સૌની પ્રાથમિક પવિત્ર ફરજ છે જ. ગણેશ ને પ્રાર્થના કરીશે આવા સદ્વિચારોનો અમલ કરવાની સદ્બુધ્ધિ પ્રદાન કરે . વરદાન કરે.

શ્રી કૃષ્ણ જન્મોત્સવ જનમાષ્ટમી જુગારાષ્ટમી તરીકે બદનામ થાય છે. વર્ષો વર્ષ !!! આ વખતે પણ થઈ જ છે ! તો આવણે સર્વ ગણેશ ભક્તો કાળજી રાખીએ કે આપણા સૌના વહાલા ગણપતિ બાપા નો આ ગણેશોત્સવ ડી.જે.ના ઘોંઘાટ અવાજ પ્રદૂષણ, પી.ઓ.પી. અને કેમીકલની મૂર્તી ઓથી સર્જતા જલ પ્રદૂષણ ના નામે બદનામ થાય !!

સૌ ગણેશ ભક્તોને ગણેશ ચર્તુર્થી અને ગણેશ ઉત્સવની શુભેચ્છાઓ. ર્નિવિધ્ન ઉત્સવ સફળ થાય- ગણેશ સર્વને શુભ લાભ, રીધ્ધી - સીધ્ધી આપે. જય શ્રીગણેશ.

તારીખ : ૧૭/૯/૨૦૧૫, ગુરૂવાર
સ્થળ : બહાદરપુર

મયુર શેઠ

અનુ. પાન ન.૧નું ચાલુ...

### સેવા કર્મની સુવાસ...

*અને કુટુંબ પરિવારની સેવા કરે તે રીતે નવનીતભાઈ એ નોંધપાત્ર સેવા પ્રવૃત્તિ કાર્ય કર્યુ,ગામનો સર્વાંગીણ વિકાસ કર્યો તે માટે તેમને બહાદરપુરના પુત્રનું સંમાન પ્રાપ્ત થયુ છે.ગ્રામજનો અને સમાજની વિનંતીને માન આપી નવનીતભાઈ બહાદરપુર ગામનો ઈતિહાસ લખ્યો છે.*

અનુ. પાન નં.૧નું ચાલુ...

### હેપ્પી બર્થ ડે ટુ....

૦૯-૧૫ મનમંચ સાપ્તાહિક, તંત્રી મયુર શેઠ તથા મનઝરૂખના લેખક યજ્ઞેશ ત્રિવેદી આપને ''વિકાસ પુરૂષ'', '' કર્મ વિર'', ''સેવાજન'', ''કર્મયોગ'', નામથી બહુમાનીત સન્માનીત કરે છે. આપ સાહેબને અનેક અનેક અભિનંદન સહ વંદન.

### સુવિચાર

**સારી આદતને અપનાવવી મુશ્કેલ છે પણ એની સાથે જીવવું સરળ છે ખરાબ આદતને અપનાવવી સરળ છે પણ એની સાથે જીવવું મુશ્કેલ છે.**

# ''વક્રતુંડ મહાકાય, સૂર્યકોટિ સમપ્રભુ, નિર્વિઘ્નં કુરૂમે દેવ, સર્વકાર્યેષુ સર્વદા''

## શ્રી ગણેશ ગજાનન ની ઉત્પત્તિ તથા ગણેશ ચતુર્થીની કથા - ગણેશ પુરાણ



મન ઝરૂખો
- યજ્ઞેશ ત્રિવેદી

ૐ ગં ગણપતે નમઃ શ્રી ગણેશાય નમઃ સિધ્ધિ વિનાયક નમઃ રીધ્ધિ - સિધ્ધિ સહિત મહાગણપતે નમઃ એકદંતાય નમઃ , લંબોદરાય નમઃ ગજકર્ણાય નમઃ

પ્રથમ પૂજ્ય શ્રી મંગલમૂર્તિ ગણેશજીનું સ્મરણ અને વંદન કરી ગણેશજીના કાર્ય ના શુભારંભ કરીએ. કોઈ પણ શુભ મંગલ કાર્યના શુભારંભ શ્રી સિધ્ધિ વિનાયક નું સ્મરણ વંદન , પૂજન કરવાથી સર્વ કાર્યો, મનોરથો ર્નિવિધ્ને સિધ્ધ સફળ થાય છે.

હે વાંકી સુઢવાયા , કરોડો સૂર્ય સમાન તેજ વાળા શ્રી ગણેશ સદાકાળ અમારા સર્વ કાર્યો ર્નિવિધ્ને સિધ્ધ સફળ કરો.

'' મન મંચ '' ના ' મન ઝરુખા ' ના વહાલા વાંચકો આપ સર્વને ગણેશ ચતુર્થી અને ગણેશ ઉત્સવની અનેક અનેક શુભેચ્છાઓ. ગણેશ કૃપાથી આપ સર્વના શુભ સંકલ્પો શુભ મનોરથો અને શુભ , મંગલ , સતકાર્યે ર્નિવિધ્ને સિધ્ધ સફળ થાય તેવી શુભકામના સહ ગણેશ પ્રાર્થના . શ્રી ગણેશજીની , શુભલાભ અને રિદ્દિ - સિધ્ધિ કૃપા , આર્શિવાદ પ્રાપ્તિ માટે ગણેશજી ની પૂજા , ઉપાસના , પ્રાર્થના , વંદના , દર્શન , સ્મરણ કરવો જરૂરી છે. તો સર્વ વાંચકો ગણેશભકત થઈ આજના ગણેશચતુર્થી થી આરંભાતા ગણેશોત્સવ માં આપ સર્વ ગણેશ ઉપાસના કરી સિધ્ધિ સફળતા , શુભ લાભ , મ્રંલ કલ્યાણ પ્રાપ્ત કરો.

શ્રીજી ગણેશજી ની ગણેશ ચતુર્થી નું પુણ્ય દાયક મહાત્મય જાણીશે , સમજીએ ને અપનાવી, ચરિતાર્થ કરીએ. શ્રી ગણેશ કૃપાથી વિધ્નો , સંકટો, કષ્ટો , દુ:ખો , સમસ્યાઓથી મોક્ષ મેળવીશે.

ગજકર્ણ , ગજાનન ગણેશની કથા મુજબ મહાદેવ શંકર કૈલાશ પર સાધના , તપ કરવા ગયા હતા. ઘણા વર્ષો વિતિ ગયા. બાળ ગણેશ હવે થોડા મોટા થઈ ગયા હતા. માતા પાર્વતી સ્નાન કરવા ગયા ત્યારે ગણેશ ને દ્વાર પર બેસાડ્યા . અને કહ્યુ કે કોઈ નેય ઘરમાં આવવા દેવા નહી. ત્યાં જ થોડા સમયમાં પિતા મહાદેવ યોગીસ્વરૂપ , જટાધારી આવ્યા. દ્વાર પર બાળક ને જોઈ આશ્ચર્ય પામ્યા. ગણેશ મહાદેવ ને રોક્યા . ઘરમાં પ્રવેશવા દિધા નહી. ગણેશ અને મહાદેવ વચ્ચે ઉગ્ર વાદ વિવાદ વક્ર્યો. ક્રોધીત રૂદ્રએ ગણેશનું મસ્તક છેદી નાખ્યું. માતા પાર્વતી સ્નાન કરી ઘરની બહાર આવ્યા. દુ:ખદ દ્રશ્ય જોયું. ગણેશ નું છેદાયેલું ધડ મસ્તક જોયું. ને સઘળુ સમજી ગયા. કલ્પાંત રૂદન કર્યું. ગણેશને સજીવ કરવા કહ્યું. મહાદેવ જંગલ માં જીઈ એક હાથીનું મસ્તક કાપી લાવ્યા. ગણેશના ધડ ઉપર લગાડી દીધું. ગણેશ સજીવ થઈ ગયા . હાથીનું મસ્તક થવાથી ગણેશ ગજાનન કહેવાયા. બોલીએ શ્રી ગજાનન ગણેશ કી જય.

આ કથા શિવપુરાણ માંછે. ભગવાન શંકરે પોતાના પ્રચંડ ત્રિશુળથી દ્વારપાળ પાર્વતી નંદનનું મસ્તક છેધું. ત્યારે જગદંબા , આધશક્તિ પાર્વતી અત્યંત વ્યથિત દુ:ખી થયા. ક્રોધિત થઈ અનેક શક્તિઓ ઉત્પન્ન કરી. તે પ્રલય મચાવવા લાગી. દેવોએ જગદંબા ને શાંત પ્રસન્ન કરવા હાથીનું મસ્તક લાવી ગણેશના ધડ સાથે જોડી દીધું. ગણેશ સજીવ થયા. પાર્વતીજી શાંત પ્રસન્ન થયા.

પ્રસન્ન આશુતોષ ભગવાન શંકરે ગણપતિ ને વરદાન આપતાં કહ્યું કે હે ગણેશશ્વર તમે ભાદરવા શુદ ચોથ ની તિથિએ ચંદ્ર ના ઉદય સમયે પ્રગટ્યા છો. જે સમયે ભગવતી પાર્વતીના મનમાં તમારૂ રૂપ પ્રટ થયું ત્યારે રવાત્રિનો પ્રથમ પસાર થઈ રહ્યો હતો. વ્રત કરવું . આ ગણેશ ચતુર્થી વ્રત સૌભાગ્ય અને સર્વ સિધ્ધિ ઓ આપનારૂ છે. ગણેશ ચોથના દિવસે શ્રધ્ધા ભક્તિ થીશ્રી ગણેશજીનું વ્રત પૂજન કરી ઉપવાસ કરવો. ગણપતિ મૂર્તીની સ્થાપના કરવી. વિવિધ સોળ ઉપચાર કરવા જેવાકે ચંદન, કુમકુમ, અક્ષત ( ચોખા) , પુષ્પો, દરો અર્પણ કરી ગણેશ પૂજન કરવું. ગણેશની કૃપાથી વિધ્નોનો નાશ થશે, કાર્યોની સિધ્ધિ થશે. મનોકામના ઓ સ)ળ થશે. આમ સર્વાધ્યક્ષ ગણેશ સર્વના પૂજય અને તેમનું ગણેશ ચતુર્થી વ્રત કામનાઓ , મનોરથો, ઈચ્છાઓ પૂર્ણ કરનારૂ સર્વ સ્વીકૃત થયું.

ગણેશ પુરાણમાં ભાદરવા સુદ ચોથ ના મધ્યાહન કાળમાં ગણેશ પૂજનનું મહાત્મય વર્ણાવ્યું છે. ગણેશ દર્શન ની ઈચ્છાથી પાર્વત્તીજી શ્રી ગણેશનું ધ્યાન ધરતાં ગણેશ એકાક્ષરી મંત્ર '' ગં '' નો જપ કરવા લાગ્યા. કઠોર તપ બાર વર્ષ થયું. ત્યારે ગણેશ તેમની સામે પ્રગટ થયા. અને તેમના પુત્ર રૂપ અવતરસે તેવું વરદાન આપ્યું.

ભાદરવા સુદ ચોથનો મધ્યાનકાળ હતો. તે દિવસે સોમવાર, સ્વાતિ નક્ષત્ર અને જન્મ કુંડળીમાં સિંહ લગ્નનો યોગ ઉદય થયેલો હતો. પાંચ શુભ ગ્રહોની યુતિ ભેગા હતા.આ સમયે જગદંબા પાર્વતીજી એ શ્રી ગણેશ ની પૂજા કરી અને એજ સમયે છ હાથવાળા , ત્રણ નેત્રો વાળા ભગવાન ગણેશ પુત્ર રૂપે પ્રગટ થયા. ગણપતિ ચોથના દિવસે બપોરે મધ્યાહન માં ગણેશ પ્રગટ થયા. તેથી તેને વરદાચતુર્થી પણ કહે છે. વરદાન આપનારી ગર્ણપતી ચોથના દિવસે ગણેશની માટીની ( પ્લાસ્ટર ઓફ પેરિસ, કેમીકલ કલરોની નહી) મંગલ મૂર્તિ ની બપોરે મધ્યાહન કાળે સ્થાપના પૂજા કરો. શ્રધ્ધા ભક્તિ થી ગણેશનું સ્મરણ , નમોજપ કરવાનું ઘણું જ પૂન્ય મહાત્મય છે.

મુદગલપૂરાણ માં કથા છે કે લોભાસૂર ( લોભ) ના પ્રબળ પરાક્રમ અને ત્રાસથી ત્રાસેલા દેવોએ ગણેશને આ લોભાસુર નો સંહાર કરવા પ્રાર્થના કરી. તેથી આદિદેવ બ્રહ્મ સ્વરૂપે ભગવાન ગજાનન મહાગણેશ લોભાસુર ના વિનાશ કરવા પરમ પવિત્ર ચોથના મધ્યાહન કાળમાં શ્રી ગણેશ અવતર્યા તેથી ગણેશ ચતુર્થી અને તેનું વ્રત ગણેશજીને તથા ગણેશ ભક્તોને પ્રિય છે.

તિથિ ઓની માતા ચતુર્થી ની ઉત્પત્તિની કથા : બ્રહ્માજીએ સૃષ્ટિનું સર્જન કર્યા પછી અનેક કાર્યોની સિધ્ધિ માટે હૃદય માં શ્રધ્ધા પૂર્વક આદિદેવ ગણેશનું સ્મરણ કર્યું. એ સમયે એમના શરીર માંથી પરાપ્રકૃતિ સ્વરૂપા મહામાયા, તિથિઓની માતા , કામરૂપિણી ચતુર્થી દેવી પ્રગટ થયા. આ ચતુર્થી દેવી ને ચાર પગ, ચાર હાથ અને ચાર સુંદર મુખ હતા. આ સુંદર ચતુર્થીએ બ્રહ્માજીને પ્રણામ કર્યા. સ્તૃતિ કરી નમ્રતાથી કહ્યું, હે પરમ પિતા, પિતામહ , હે બ્રહ્માંડનાયક પરબ્રહ્મ બ્રહ્માજી હું આપના પુણ્યમય શુભ અંગમાંથી ઉત્પન્ન થઈ છું. આપ મારા પિતા છો. આપ મને આજ્ઞા આપ. મારે શું કાર્ય કરરવાનું છે ? બ્રહ્માજીએ ચતુર્થીદેવીને અદભુત સૃષ્ટિ ની રચના કરવાનું કહ્યુ. ચતુર્થી જંગલમાં ગઈ. ભગવાન ગણેશનું ધ્યાન ધરી ષડક્ષર ગણેશ મંત્ર ગણેશાય નમઃ જપની ઉગ્ર તપસ્યા કરવા લાગી. આમ તપ કરતાં હજારો વર્ષો વીતી ગયા. ચતુર્થી ની તપસ્યા થી ગજાનન ગણેશ પ્રગટ થયા અને કહ્યું હે ભગ્યવતી દેવી હું તારી તપસ્યાથી પ્રસન્ન થયો છું. તું તારી ઈચ્છાનું વરદાન માંગ. ચર્તુથી દેવી ગણેશની સ્તૃતિ પ્રાર્થના કરવા લાગી. હર્ષ થી હર્ષાશ્રુ વહાવતા ચતુર્થી ગણેશના ચરણોમાં પ્રણામ કરી બોલ્યા હે કરૂણાનીધિ આપ મને આપની અવિચલ ભાિતિ પ્રદાન કરો. મારામાં સૃષ્ટિ સર્જન નું સામર્થ્ય પ્રગટાવો. હું સદૈવ સદાકાળ આપને પ્રિય રહુ અને મને આપનો કદાપી વિયોગ ન થાય. ત્યારે ગણેશે વરદાન આપતાં કહ્યું કે ચાર પ્રકારના ચતુર્વિધ ફળ આપનારી દેવી, તું મને સદાપ્રિય રહીશ. સર્વે તિથિઓની માતા એવી જન્મતિથિ થઈશ. તારો ડાબો ભાગ કૃષ્ણ ( કાળો) અને જમણો ભાગ શુકલ (ઉજળો, સફેદ, શ્વેત) થશે. તારૂ ગણેશચતુર્થીનું વ્રત કરી, માઈ, પૂજન સ્થાપન ક્રનાર નું હું રક્ષણ કરીશ. તે ભક્તના સર્વ વિધ્નો દૂર કરી , ર્નિવિધ્ન કાર્ય, મનોરથ સિધ્ધ સફળ કરીશ. તારા આ ગણેશ ચતીર્થી સુદ ચોથ ના વ્રત સમાન અન્ય કોઈ વ્રત નહી બને. આમ વરદાન દઈ ભગવાન ગણેશ અંતધ્યાન થઈ ગયા.

સુદ ચોથ બધી જ તિથિ ઓની માતા છે. ચતુર્થી દેવીના મુખમાંથી પ્રતિપદા ( પડવો) ઉત્પન્ન થઈ, નાકમાંથી બીજ , વક્ષ છાતી માંથી ત્રીજ, આંગળીમાંથી પાંચમ, હૃદયામાંથી છઠ, આંખમાંથી સાતમ , હાથથી આઠમ , પેટથી નોમ, કાનમાંથી દશમ, ગમળામાંથી અગીયારશ, પગમાંથી બારશ, સ્તનમાંથી તેરશ , અહંકારમાંથી ચૌદશ, મનમાંથી પૂનમ અને જીભમાંથી અમાવસ્યા તિથિ પ્રગટ થઈ.

ગણેશ (શુદ) ચતીર્થીએ ગણેશ પાસે વરદાન માગ્યું કે હું આપનું નિવાસ સ્થાન થાઉં. ગણેશે ચતુર્થી તિથિ ને વરદાન આપ્યું કે મારા ગણેશ ભક્તો શુકલ પક્ષ ( શુદ પક્ષ) ની ચતીર્થી (ચોથ) ના દિવસે તારૂ વ્રત કરશે. ઉપવાસ કરી મારૂ ગણેશ પૂજન કરશે. તેનાં સંચિત પાપ કર્મો અને તેના ભોગ સમાપ્ત થશે. તે ગણેશ ભક્તોને હું સર્વસ્વ પ્રદાન કરીશ. તારૂ નામ '' વરદા '' તરીકે પ્રસિધ્ધ થશે. જે ગણેશ ને અત્યંત પ્રિય છે. ગણેશ ચતુર્થી વ્રત , ઉપવાસ , ગણેશ સ્થાપના, પૂજન કરવાથી મનુષ્યના ધર્મ , અર્થ , કામ, મોક્ષ ચાર પુરૂષાર્થ સિધ્ધ થાય છે. સર્વ મનોકામનાઓ પૂર્ણ સફળ થાય છે. અંતે અત્યંત સુખદાયક ગણેશ ધામ ને પ્રાપ્ત કરી અખંડ આનંદ ભોગવે છે.

આ ભાદરવા સુદ ચોથ, ગણપતિ ચોથ ની વ્રત કથા છે. લોકો શ્રી ગજાનન ગણપતી ભગવાન કી જય . ગણપતી બાપ્પા મોરીયા , મંગલ મૂર્તિ મોરીયા, મોરીયા રે બાપ્પા મોરીયા રે...

આજે ગણેશ ચતુર્થી ના દિવસે ગણેશજીની માટીની મૂર્તિની સ્થાપના કરી, પૂજા કરવી. ચૌદશ સુધી દસ દિવસ સવાર સાંજે પૂજા, આરતી, સ્તુતી, ભજન , કિર્તન કરવા. ગણેશજીનો મંત્ર ૐ ગં ગણપપતે નમો નમઃ , નો જપ કરવો . અહીં આ સાથે બોક્ષમાં આપેલ સંકટનાશક શ્રી ગણેશ સ્ત્રોત્ર ની કાયમ પાઠ કરવાથી લખીને આઠ બ્રહ્મણોને આપવાથી સર્વ સંકટો , કષ્ટો , પીડાઓ, દુ:ખો, દર્દો, વેદનાઓ દૂર થાય છે. શ્રી ગણેશ કૃપા થાય છે. જય શ્રી ગણેશ.

### '' સંકટ નાશક શ્રી ગણેશ સ્ત્રોત્ર ''

**શ્રી ગણેશાય નમઃ નારદ ઉવાચ.**

પ્રણમ્ય શિરસા દેવં, ગૌરી પુત્રં વિનાયકમ, ભક્તાવાસં સ્મરે નિત્યમ, આયુઃ કામાર્થ સિધ્ધયે. પ્રથમ વક્રતુંડ ચ, એક દન્ત દ્રિતીયકમ. તૃતીય કૃષ્ણપ્રિગાંક્ષ, ગજવકત્રં ચતુર્થકમ. લંબોદરં પંચમં ચ, ષર્ષ્ઠં વિકટમેવ ચ. સપ્તમં વિદનરાજં ચં, ધુમ્રવર્ણ તથાષ્ટકમ. નવમં ભાલચંદ્રં ચ , દશમં તુ વિનાયકમ. એકાદશં ગણપતિ, દ્વાશં તુ ગજાનનમ્ દ્વાદશૈતાનિ નામાનિ , ત્રિસંધ્ય યઃ પઠેન્નર : ન ચે વિધ્નભયં તસ્ય , સર્વ સિધ્ધિકરં પરમ્ વિદ્યાર્થી લભતે વિદ્યાં, ધનાર્થી લભતે ધનમ પુત્રાર્થી લભતે પુત્રાન, મોક્ષાર્થી લભતે ગતિમ્ જપેત ગણપતિ સ્ત્રોતં, ષડભિમાંસૈ : ફલમ્ લભતે સંવત્સરેણ સિધ્ધિ ચ, લભતે નાત્ર સંશયઃ અષ્ટાના બ્રહ્મણાનાં ચ, લિખિત્વાય : સમર્પયેત તસ્યવિધા ભવેત્સર્વા, ગણેશસ્ય પ્રસાદતઃ

**નારદ પુરાણ માં આ સંકટનાશક ગણેશ સ્ત્રોત છે. જય જય શ્રી મંગલમૂર્તિ ગણેશ.**

### સંકટનાશક શ્રી ગણેશ સ્ત્રોત માં ગણેશના બાર નામ

વક્રતુંડ, એક દંત, કૃષ્ણપિંગાક્ષ, ગજવકત્ર, લંબોદર, વિકટ, વિધ્નરાજ, ધમ્રવર્ણ, ભાલચંદ્ર, વિનાયક , ગણપતિ, ગજાનન

- શ્રી ગણેશના આ બાર નામોનો દિવસ ના ત્રણકાળ સવાર, બપોર, સાંજે સ્મરણ કરવાથી તે ભક્તોના વિધ્નો , ભય નાશ પામે છે. સર્વ કાર્યો , ઈચ્છાઅસો, સિધ્ધ થાય. વિદ્યાર્થીઓને વિદ્યા પ્રાપ્તી, અભ્યાસ, પરિક્ષામાં સફળતા ,મોક્ષ ઈચ્છનારને મુક્તિ સદગતિ પ્રાપ્તી થાય છે. ગૌરી પુત્ર વિનાયક શ્રી ગણેશને વંદન પ્રણામ કરી તેના બાર નામોનું દિત્ય સ્મરણ થી આયુષ્ય વધે, કાર્યો સિધ્ધ થાય. પુત્ર - પુત્રી સંતાન જન્મ થાય. ધન લાભો મળે. ગણેશ સ્ત્રોત ના સ્તૃતી પાઠ કરવાથી છ મહિને ફળ મળે, બાર મહિને સિધ્ધિ મળે. જય શ્રી ગણેશ.

## ડભોઈની મદની સાર્વજનિક સ્કુલમાં શિક્ષક દિનની ઉજવણી

ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણન ની યાદમાં દરવર્ષ ગુજરાત રાજય સહિત દેશભરમાં સ્વશાસન દિન અને શિક્ષક દિનની ઉજવણી ખુબજ સુંદર આયોજન સાથે હિન્દુ મુસ્લિમ- શહક્ષણીક સંસ્થાઓમાં કરવામાં આવે છે તેમ ડભોઈની સુન્ની મદની સાર્વજનીક સ્કુલમાં પણ આજરોજ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી જેમાં કુલ ૨૮ બાળ શિક્ષકોએ ભાગ લીધો હતો.એક આચાર્ય એક સેવક,એક બાળ સેવીકા ની પણ નિમણૂક કરાઈ હતી.સ્કુલના સમય દરમ્યાન કુલ છ તાસ લેવામાં આવ્યા હતા અને શિક્ષક દિનની ઉજવણી માં ખૂબજ ઉત્સાહ અને રસપૂર્વક બાળકોએ ભાગ લીધો હતો.

મોહદીસે આઝમ મિશન ડભોઈ બ્રાન્ચ સંચાલિત અને ડભોઈ ના તલાવપુરા વિસ્તારમાં આવેલ મદની સાર્વજનિક સ્કુલમાં ભારતવર્ષમાં આવતા શિક્ષકદિનને ખૂબજ ઉત્સાહ અને ઉમંગપૂર્વક વધાવી લીધો હતો.અને મદની સ્કુલમાં અભ્યાસ કરતા બાળકોમાંથી કુલ ૨૮ બાળકોએ શિક્ષકોની ભુમિકા ભજવી હતી.જેમાં વિધાર્થી અને વિધાર્થીનીઓ એ જુદાજુદા વિષયો ના નામ લઈ શૈક્ષણિક કાર્યનો રસપૂર્વક અભ્યાસ આપી શિક્ષકનુ ભાથુ પિરસ્યુ હતુ.એટલું જ નહીં મદની સ્કૂલમાં અભ્યાસ કરતા ભુલકાઓમાંથીજ એક આચાર્ય ત. બીજા એ સેવકની ભુમિકા તો વળી એક વિધાર્થીનીએ પણ સેવીકાની ભુમિકા ભજવી હતી.એક દિવસ માટે શિક્ષક બનેલા બાળકો એ પોતાનો પ્રતિભાવ રજુ કર્યો હતો દિવસ દરમ્યાન ના શિક્ષક દિનના કાર્યક્રમ દરમ્યાન બાળકોએ શાંતિ ઉમંગ ઉલ્લાસ અને શૈક્ષણિક શકિતઓની પ્રતિભાના દર્શન જોવા મળ્યા હતા. આ કાર્યક્રમ ખૂબજ સફળ રહયો હતો.

**અનુ. પાન નં.૧નું ચાલુ...**

**માનનીય શ્રી નવનીતભાઈ..**

પ્રસંસનીય,અભિનંદન ને પાત્ર છે.

શ્રી શાહ નવનીત કાકાના પ્રમુખ પણા હેઠળ સંચાલીત શિક્ષણ સંસ્થાઓ શ્રી દ્વારકેશ સાર્વજનિક સંસ્કાર કેળવણી મંડળ સંચાલિત શ્રી દ્વારકેશ સાર્વજનિક હાઈસ્કૂલ તથા મંગલભારતી કૃષિ કોલેજ, ઉત્તર બુનિયાદી કૃષિ શાળામાં સ્ટાફની નિયુકિત માટે તેમની પાસેથી એક પણ રૂપીયો ડોનેશન લેવામાં આવતુ નથી.આ બાબત તેઓશ્રીના ઉદાર, માનવતાપૂર્વક વહીવટ સંચાલનને માટે પ્રસંસનીય, અભિનંદન ને પાત્ર છે.હું ખુદ પોતે તેમની સંસ્થાનો શિક્ષક કર્મચારી હોવાના નાતે તેઓશ્રી અને મંડળનો આભારી છુ.આવી દ્વારકેશ પરિવાર ની સંસ્થામાં શિક્ષણ સેવા કાર્ય કરતાં હું ગૌરવ સહ આભારીતની લાગણી અનુભવુ છુ.તથા તે માટે સંસ્કાર મંડળના પ્રમુખશ્રી શાહ નવનીત કાકા(સાહેબ)તથા મંડળ પ્રત્યે કૃતજ્ઞતા, આભાર, ધન્યવાદ વ્યકત કરુ છુ.

અમારી સંસ્થાના, સંચાલક મંડળના માનનીય પ્રમુખશ્રી શાહ નવનીત કાકા (સાહેબ)ના ૮૫ માં જન્મદિને ૧૮-૯-૧૫ અમારી શ્રી દ્વારકેશ સાર્વજનીક હાઈસ્કૂલના સમગ્ર કર્મચારી ગણ સહ વિધાર્થીઓનો મંગલ ભારતી કર્મચારી ગણનો મંગલપરિવાર તથા દ્વારકેશ પરિવાર મનમંચ સાપ્તાહીકના તંત્રી, મયુર શેઠ અને ''મનમંચ'' પરિવાર આપશ્રીના જન્મદિને આપને અનેક અનેક શુભકામનાઓ, શુભેચ્છાઓ સહ જન્મદિન મૂબારક પાઠવે છે.આપની તંદુરસ્તી,આરોગ્ય અને આયુષ્ય વૃદિધ માટે પ્રભુ પ્રાર્થના.

પાણીનો પ્રશ્ન એ બહાદરપુર ગામ માટે પ્રથમથી જ શ્રાપ સમાન હતો. કુવાઓ ખૂબ ઉંડા હતા. તે વખતે સરકાર તરફથી ચાલતી વોટરવર્કસ યોજના રૂ.૯૦૦૦૦/-ની સરકારી બાકીના કારણે સરકારે વોટરવર્કસ પર તાળા માર્યા હતા. શ્રી નવનીતભાઈ શાહને પાણીના પ્રશ્નની જાણ થતાં તેઓએ તેમના નેતૃત્વ હેઠળ એક સમિતિની રચના કરી તે સમયે મુંબઈ દ્વીભાષી રાજ હતું. તે સમયે ડૉ. જીવરાજ મહેતા નાણાંમત્રી હતા. ડૉ. જીવરાજમહેતાએ તે સમયે પહેલવહેલો વેપારીઓ ઉપર સેલ્સ ટેક્સ ઉઘરાવવાનો પરીપત્ર કરેલ હોઈ વેપારીઓ તેમનાથી ખૂબ નારાજ હતા. તથા તેમની સામે વેપારીઓએ મુંબઈમાં હડતાલો પાડી હતી. તે સમયે શ્રી નવનીતભાઈ શાહ બહાદરપુરના પાણીના પ્રશ્ન બાબતે ડૉ. જીવરાજ મહેતાની મુલાકાત માંગી હતી. તો ડૉ. જીવરાજ મહેતાએ તે મુલાકાત માટે શ્રી નવનીતભાઈને તાત્કાલિક સાંભળવા તેમના અતિવ્યસ્ત કાર્યક્રમમાં પણ મુલાકાત આપી હતી.


આ અગાઉ નવનીતભાઈ તરફથી ચલાવતા હિન્દીના વર્ગોના પ્રમાણપત્રો અનાયત કરવા શ્રી નવનીતભાઈએ ડૉ. જીવરાજ મહેતાને બહાદરપુર મુકામે બોલાવ્યા હતા. જે વાત યાદ રાખી ડૉ. જીવરાજ મહેતાએ નવનીતભાઈને પાણીના પ્રશ્નની રજુઆત કરવા સમય આપ્યો. ડૉ. જીવરાજ મહેતા વડોદરા રાજયના મુખ્ય દિવાન પણ હતા.

આમ, શ્રી નવનીતભાઈએ ડૉ. જીવરાજ મહેતાને રૂ.૯૦૦૦૦/-ની જેવી મોટી રકમ અમો ભરી શકીએ તેમ નથી અને પાણી વગર રહી શકીએ તેમ નથી તેમ જણાવ્યું તો ડૉ. જીવરાજ મહેતાએ તાત્કાલિક રૂ.૪૫૦૦૦/-ની રકમ એટલે કે ૫૦% રકમ માફ કરી દીધી હતી અને બાકી રકમ ભરવા જણાવ્યું હતું.

શ્રી નવનીતભાઈએ ગામમાં બોર્ડમુકી પંચાયતમાં ઠરાવ કરી સર્વે ગામજનોને બે-ત્રણ વર્ષના એડવાન્સ ટેક્સ ભરવા જણાવ્યું હતું. અને તેમ થતાં પાણીનો પ્રશ્ન હલ થયો હતો.

**કર્મ તેજ ધર્મ ''કર્મવિર'' ''કર્મયોગ'' વિકાસ પુરૂષ નવનીતભાઈના કર્મયજ્ઞથી બહાદરપુર ગામનો સર્વાંગીણ વિકાસઃ- :**

**૧)બાલમંદિર,ધોડીયાધરઃ-** નવનીતભાઈએ બહાદરપુર ગામનાં ફી વિનાની, બાળકોના શિક્ષણ વિકાસ માટે પાંચ ખૂણે પાંચ ધોડીયાધર, બાલવાડી શરૂ કરી-ગામના બાળકો ભણે છે.ગામની બહેનોને રોજગારી મળે છે.આજે પણ ચાલતી આ પ્રવૃતિ ગામ માટે આર્શીવાદરૂપ છે.



**૨) કન્યા શાળા-કુમાર શાળાઃ-** શ્રી નવનીતભાઈએ સો વર્ષ જુનું કન્યાશાળાનું મકાનને નવુ બનાવાનું કાર્ય કર્યું.મુખ્ય દાતા દેસાઈ લલીતાબેન જમનાદાસ મોહનલાલ વડોદરા તરફથી ૧,૧૧,૧૧૧/-નું માતબર દાન મેળવ્યું.કન્યાશાળામાં ભણેલ ભૂતપૂર્વ વિધાર્થીઓ તથા બહાદરપુર અર્બન બેન્કે પણ ૫૧,૦૦૦/-નું દાન આપેલ-કન્યાશાળાનું નવુ મકાનનું નવનીર્માણ નો શ્રેય શ્રી નવનીતભાઈ ને મળ્યો છે.

**૩) શ્રી દ્વારકેશ સાર્વજનીક હાઈસ્કૂલ બહાદરપુરઃ-** બહાદરપુર માં હાઈસ્કૂલ શરૂ કરવાના નવનીતભાઈએ ઝુંબેશ ઉપાડી.ઈ.સ. ૧૯૫૩ માં હાઈસ્કૂલ શરૂ કરી હતી.નવનીતભાઈએ સ્કુલ માટે તૈયાવર કરેલ બંધારણને ઈ.સ ૧૯૫૩ માં કાયદાકીય સ્વરૂપ અપાયુ. શ્રી ભાઈચંદભાઈ દેસાઈના પ્રમુખ પણાની મકાન સમિતિએ હાઈસ્કૂલનું મકાન બનાવ્યું.

હાઈસ્કૂલની આ પવિત્ર ભૂમિ ઉપર નવનીતભાઈએ મંગલભારતી ગ્રામ વિધાપીઠની ૧૯૭૨ માં સ્થાપના કરી.મંગલભારતી સંસ્થાએ વિશાળ નેત્ર યજ્ઞો કર્યા.શ્રી નવનીતભાઈ શાહ શારદા ગ્રામની અધ્યાપકની નોકરી છોડી બહાદરપુર વતનમાં પરત આવી હાઈસ્કૂલના પ્રમુખ થયા અને હાઈસ્કૂલના વિકાસ માટે દાન એકત્ર કરવાનું કાર્ય કર્યું.

૧)અર્બન બેંક પાસેથી દાન લઈ લેબોરેટરી વિભાગ બનાવ્યો. ૨)લોટીયાવાળા કાંતીભાઈના પૂત્ર પાસેથી દાન લઈ પ્રાર્થના હોલ બનાવ્યો.૩) ડો.ગોપાલભાઈ મજુમદાર પાસેથી દાન લઈ કોમ્પ્યુટર રૂમ બનાવ્યો.૪)શનુભાઈ શાહ માલુવાળા પાસેથી દાન મેળવી પ્રાથમિક વિભાગનું મકાન બનાવ્યું. (૫) સાંસદ રામસિંહ રાઠવા પાસેથી અનુદાન લઈને કંપાઉન્ડ વોલ બનાવી.

શ્રીનવનીતભાઈ રમણલાલ શાહ કે જે વ્યવસાયે અધ્યાપક છે એટલેકે શિક્ષણનો જીવ છે જેમને બહાદરપુરની બાજુમાં મંગલભારતી નામની ગુજરાતમાં ખ્યાતી ધરાવતી એક પ્રતિષ્ઠિત સંસ્થા સ્થાપી છે, જેમાં મુખ્યત્વે શિક્ષણ, આરોગ્ય, સેવા, વિસ્તરણ જેવી અનેક વિધ પ્રવૃતિઓ ચલાવે છે, જેની સુવાસ સમગ્ર ગુજરાતમાં છેવાડાના ગામો સુધી છે. આ નવનીતભાઈ શાહે બહાદરપુરના વિકાસ માટે ખૂબ જ મહત્વનો તથા પાયાનો ભાગ ભજવ્યો છે. જે ભુલાય તેમ નથી.

**૪) વ્યાયમશાળા-સેવાદળ-સ્કાઉટ-હિન્દીના વર્ગોની પ્રવૃતિઓ :** શ્રી નવનીતભાઈ શાહ બહાદરપુર ગામમાં આ સદપ્રવૃતિઓ કરતા. તેઓશ્રી બહાદરપુર ગામના સર્વાંગીણ વિકાસ માટે પ્રયત્નશીલ રહયા હતા.

**૫) બહાદરપુર ગ્રામ વિકાસ-પાણી-વોટર વર્કસ-લાઈટ :-** રોડ રસ્તાનો વિકાસની કામગીરી નવનીતભાઈએ કરી છે.તેઓ ડો.જીવરાજ મહેતાને આમંત્રણ આપી બહાદરપુર લાવ્યા.ને પાણી વ્યવસ્થા વોટર વર્કસની વ્યવસ્થા કરાવી. બહાદરપુરના ગામમાં રોડ રસ્તા નવનીતભાઈ ના કુટુંબના દાનથી બનાવ્યા. ટાવરથી મસ્જીદ સુધીનો રસ્તો તેઓના પૂજય માતૃશ્રી તારાબેન રમણલાલ શાહના નામે તેઓના ભાઈશ્રી એમ.આર.શાહે બનાવ્યો હતો. આમ બહાદરપુર ગામનાં વિકાસમાં શ્રી નવનીતભાઈ તથા તેમના કુટુંબીજનો પ્રત્યક્ષ-પરોક્ષ રીતે તમામ ક્ષેત્રે જોડાયેલા રહયા છે.

**૬) સરકારી દવાખાનુંઃ-** નવનીતભાઈ સરકારી દવાખાના માટે શીરોલાવાળા જીનના માલિક પાસેથી કોર્ટ કેશ લડી સમાધાનથી જમીન મેળવી.દવાખાના માટે દાન આપવાની શરૂઆત શ્રી ભાઈચંદભાઈ દેસાઈએ કરી.

**૭) ઝારોલાવાડીઃ-** ઝારોલાવાડી નું નવું મકાન બનાવ્યું અમેરીકા જઈ નવનીતભાઈએ ૧૯૮૬ માં ફંડ ફાળો ઉધરાવાનું શરૂ કર્યું.જેની શરૂઆત નવનીતભાઈએ પોતે ૫૦૦ ડોલર દાન આપી કરી હતી.તેમની સાથે મનુભાઈ દેસાઈ,ગોવિંદભાઈ મગનભાઈ દેસાઈ જોડાયા.આ તમામ કાર્ય અમેરિકામાં વિપીનભાઈ બટુકભાઈ દેસાઈએ ઉપાડયુ.નવનીતભાઈ ભારત પર ચાવી વાડીના નવ નિર્માણ નું કાર્ય ભારતના સ્થાનીક વૈષ્ણવોની પણ સહાય સાથ સહકારથી શરૂ કર્યું.

**૮) છપ્પનભોગની ધાર્મિક પ્રવૃતિનુ કાર્યઃ-** નવનીતભાઈએ તેમના માતૃશ્રી તારાબાના કહેવાથી બહાદરપુરના મોટા મંદિરમાં છપ્પન ભોગ કરાવ્યો.સાત ગામના મંદિરોના ઠાકોરજી બહાદરપુર મોટા મંદિરમાં પધરાવી પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહાદેયશ્રી, પ.પૂ.૧૦૮ શ્રી વાગીશબાવાશ્રી, પ.પૂ.શ્રી ૧૦૮ શ્રી દ્વારકેશલાલાજી મહારાજશ્રીની મુખ્ય ઉપસ્થિતિમાં છપ્પન ભોગ મનોરથ કરાવ્યો.સમગ્ર વૈષ્ણવ સમાજ સમુદાય ને ચાર દિવસ સાત ટંક પ્રસાદ લેવડાવ્યા હતા. હજારો વૈષ્ણવોએ છપ્પનભોગ દર્શન મહોત્સવ હતો. નવનીત ભાઈ શાહે બહાદરપુર ગામના વિકાસ માટે ખુબ જ મહત્વનો તથા પાયાનો ભાગ ભજવ્યો છે. અણમોલ યોગદાનની સેવાઓ આપી છે. જે કદી ભૂલાય તેમ નથી. આ કાર્ય પ્રસંશનીય છે. ધન્યવાદ અને અભિનંદનને પાત્ર છે.

**''પ્રકાશ સૂરજના તેજને વર્ણવે, મોજાં કરે મહાસાગરનો મહિમા બાગ બાગબાનનું કરે ગાન, નીત નીત નવીન નવનિત નિપજે.**

**મંગલભારતીની મંગલ ભૂમિ ઉપર મંગલાચરણ અને વિકાસની કેડીએ પ્રવૃતિની પ્રગતિના આગે કદમ**

* કર્મવિર, કર્મયોગી, નવનીતભાઈના અથાગ પ્રયાસોથી પ.પૂ.શ્રી રવિશંકર મહારાજના વરદ હસ્તે ૧ જુલાઈ ૧૯૭૨ ના શુભ દિને મંગલભારતીની સ્થાપના.

* મંગલભારતી કૃષિ મહાવિદ્યાલયમાં વિદ્યાર્થીઓ ભાઈઓ- બહેનો પાસેથી કોઈ શિક્ષણ ફી લેવાતી નથી. ઉત્પાદક શ્રમ કરવાનો હોય છે.

* ગ્રામ્ય પ્રદેશના આદિવાસી વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં વિદ્યાભ્યાસ માટે આવે છે. તમામ વર્ગના વિદ્યાર્થીઓને પ્રવેશ અપાય છે. આ યુવાધન અહીં ગ્રામ વિકાસ કૃષિ વિજ્ઞાન વિદ્યાનું શિક્ષણ મેળવી ગ્રામ સેવા, કૃષિ વિકાસ કાર્ય કરી દેશના નવનિર્માણમાં યોગદાન આપે છે.

* ગ્રામ વિકાસ વિસ્તરણ કાર્યક્રમ : આસપાસના ૨૫ ગામડાઓનું સર્વેક્ષણ કર્યું છે. વનીકરણ , પર્યાવરણ જાળવણી , બિન પરંપરાગત ઉર્જાનું કામ, પ્રૌઢ શિક્ષણ અને સર્વોદયના કાર્યો થયા છે.

* વિજ્ઞાન ભવન :- ગુજરાત રિફાઈનરી વડોદરા ના સૌજન્યથી બંધાયેલા વિજ્ઞાન ભવનમાં કૃષિ પ્રયોગશાળા ચાલે છે. કોમ્પ્યુટર શિક્ષણ કેન્દ્રને પ્રારંભ કરેલ છે. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું અભ્યાસ કેન્દ્ર છે.

* ગોપાલન - ગોસંવર્ધન પ્રવૃતિ :- ગોવંશ સુરક્ષા અને સંવર્ધન માટે ૨૦ ગાયોની ગૌશાળા છે. ગોપાષ્ટમી ઉત્સવ ઉજવાય છે.

* આશ્રમ શાળાઓ : - (૧) ધોરણ ૧ થી ૭ ની બબલભાઈ મહેતા પ્રાથમિક આશ્રમશાળા (૨) ધોરણ ૮ થી ૧૨ ઉત્તર, ઉચ્ચ સ્તર બુનિયાદી આશ્રમશાળા - આ નિવાસી આદિવાસી આશ્રમ શાળાઓ માં શિક્ષણ ફી કે ભોજન ખર્ચ લેવાતો નથી.

* ગાંધીમેળા , કૃષિ મેળા યોજાય છે.

* શ્રીમદ્ ભગવત ગીતાજી જ્ઞાન ઓ પ્રચાર પ્રસાર નું કાર્ય થાય છે. ગીતા જયંતિ ઉજવાય છે.

* મહિલા સશક્તિકરણ : - બાગ જગત અને મહિલા વિકાસ સંખેડા તથા ડભોઈ તાલુકાના આદિવાસી , પછાત ૫૧ ગામો માં બાળકલ્યાણ પ્રવૃત્તિઓ ચાલે છે. ૨ બાલવાડી તથા ૪૯ ધોડિયાધરો ચાલે છે. ૧૦૨ સંચાલિકા બહેનો કાર્ય કરે છે. નાસ્તો, પોષક આહાર , કપડાં મફત અપાય છે. ૫૧ ગામોમાં મહિલા મંડળો ચાલે છે. જેમાં મહિલા સશક્તિકરણ માટે મહિલા સંગઠન , જાગૃતિ તથા સ્વરોજગારી માર્ગદર્શન પ્રવૃતિ ચાલે છે.

* કૃષિ વિજ્ઞાન કેન્દ્રો : ભારત સરકારની ઈન્ડિયન કાઉન્સીલ ઓફ એગ્રીકલ્ચર રીસર્ચ નવી દિલ્હીએ મંગલભારતીને પસંદ કરી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર આપ્યું છે.

* શ્રીનાથજી મંગલધામ પ્રોજેક્ટ : - ધર્મ આધ્યાત્મ સેવા - શ્રીનાથજી મંગલધામ માં શ્રીનાથજી મંદિર, ગિરિરાજજી , પરિક્રમા માર્ગ, બેઠકજી , વ્રજદર્શન , શ્રી વલ્લભદર્શન, ગીતાજી દર્શન નું નિર્માણ કરેલ છે.

* વૃધ્ધાશ્રમ :- એન.આર.આઈ તથા પ્રવૃતિશીલ માટે વિશ્રાંતિ સંકુલ - રિસોર્ટ સેન્ટર છે. '' વલ્લભી વૈષ્ણવ વૃધ્ધાશ્રમ અને જનરલ વૃધ્ધાશ્રમ જરૂરિયાતમંદો માટે રાહતદરથી ચલાવાય છે. આ સેવા પ્રવૃતિ માટે શ્રી નવનીતભાઈ શાહે પોતાના માતૃશ્રી તારાબા નું માતૃઋણ અદા કરવા તારા મંગલમ ટ્રસ્ટની રચના સ્થાપના કરેલ છે.

* મંગલભારતી સંચાલીત અનેક પ્રવૃતિઓ માંથી ધણી પ્રવૃતિઓમાં સરકારશ્રીની ગ્રાંન્ટ અનુદાન મળતુ નથી. સંસ્થાના શુભેચ્છકો ઉદાર સખાવતી દાતાઓ તરફથી મળતા દાન થી સેવા કાર્યો ચાલે છે. હવે સેવા અને વિકાસ પ્રવૃતિઓ વધુને વધુ પ્રગતિ કરી વિકસતી જાય છે. તે માટે વધુને વધુ દાનની જરૂર સર્જાયેલ છે.

* મંગલ ભારતી સંસ્થા સર્વ ને સંસ્થા સંકુલ અને સેવા તથા વિકાસ પ્રવૃતિઓની મુલાકાત લેવા પધારવા પ્રેમ ભર્યુ નિમંત્રણ પાઠવે છે. આવો ને સંસ્થા ના સેવા યજ્ઞમાં સામેલ , સહભાગી થઈ યોગદાન આપો એજ પ્રાર્થના.

## છોટાઉદેપુર બકરા ઈદ પૂર્વે
# બકરા બજારમાં ૬૦,૦૦૦ રૂપિયાની માતબર રકમમાં એક બકરો વેચાયો



**ઈકબાલ શેખ**
**છોટાઉદેપુર**

છોટાઉદેપુર બકરા ઈદ પૂર્વે બકરાબજાર એકદમ ગરમ આજના હાટના મોંધો બકરો રૂ.૬૦,૦૦૦/- ની માતબર કિંમતે વેચાયો હોવાના અહેવાલો મળ્યા છે.

સમગ્ર સ્થળે વૈશ્વીક મંદી નું મોજુ જોવા મળઈ રહ્યું છે. તેવામાં ગત આજ રોજ શનિવારના હાટમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ માં ધુમ બકરા ની ધરાકી જોવા મળી હતી. મુસ્લીમ બિરાદરો ના પવિત્ર ત્યૌહાર બકરા ઈદ આગામી તા- ૨૪ ના રોજ આવનારી છે. તેવામાં હવે ગણત્રીના દિવસો બાકી રહેતાં હોવાની કુર્બાની ના જાનવરોની ખરીદી માં વ્યસ્ત મુસ્લીમ બિરાદરો છે, ત્યારે આજ ના દિવસે વેચાણ અર્થે આવનારા બકરાઓમાં સૌથી મોંધો બકરો રૂા. ૬૦,૦૦૦/- માં વેચાયો હતો. અને જેને લેવા માટે લોકો પડાપડી કરતાં જોવા મળ્યા હતા.ૈ આજના બજાર માં રૂા. ૭૦૦૦ થી નીચેની કિંમતના બકરા જોવા મળ્યા ન હતા. અને રૂા. ૨૦,૦૦૦ , ૨૫,૦૦૦, જેવી કિંમતો સામાન્ય બની હતી. આવનાર દિવસોમાં ઈદ- નવરાત્રી - દશેરા - દિવાળી જેવા તહેવારો ની વણજાર હોવાથી બકરા-બજારમાં મંદીની કોઈ જ અસર જોવા મળી ન હતી. આ વિસ્તારના મોટાભાગે બકરાઓનો ઉછેર કરીને આ દિવસો માં વેચાણ કરી બમણી કમાણી કરે છે. અને ખાસ ઉલેખનીય છે કે માનવ જીવ કરકસર પોતાના દરેક કાર્યોમાં અપનાવે છે. પરંતુ જયાં આસ્થા ધાર્મિકતા નો સવાલ પેદા થાય છે. ત્યાં કોઈ સમજોતા નો અવકાશ રહેતો નથી. જેમાં ગુજરાતીઓ પ્રથમ ક્રમાંકે છે , તેને નકારી શકાય તેમ નથી.

## શિનોર તાલુકાના ગામડાઓમાં
# વીજગાજ સાથે વરસાદ વાવાઝોડાના કારણે ઠેર ઠેર વૃક્ષો પડતા રસ્તા બંધ

**મહેશ જોષી**
**શિનોર**

શિનોર તાલુકાના ગામડાઓમાં સાંજના ૭:૩૦ વાગ્યાની આસપાસ વીજગાજ સાથે વરસાદ વાવાઝોડું આવતા રસ્તા ઉપર ઠેર ઠેર વૃક્ષો પડતા બધો વાહન વ્યવહાર બંધ થઈ ગયો હતો. સાથે ઠેર ઠેર વીજળીના થાંભલા પડી ગયા હતા. જેને કારણે શિનોર તાલુકાના ગામડાઓ લાઈટ વિહોણા થયા હતા. રસ્તાઓ પર ટ્રાફિક જામ થયો હતો. ત્યારે અધિકારીઓને જાણ થતા શિનોર ના પી.એસ.આઈ. તથા ફોરેસ્ટ ખાતાના જવાનો જી.ઈ.બી.ના માણસો ત્યાં હાજર રહી જે.સી.બી. મંગાવી વૃક્ષો હટાવવાની કામગીરી હાથમાં લીધી હતી. ફોરેસ્ટ ખાતાના જવાનો એ ત્યાં વૃક્ષો હટાવડાવી મહામહેનતે કામગીરી કરી રાત્રે ૧૦ વાગ્યા ની આસપાસ બધો વાહન વ્યવહાર રસ્તાઓ ફરી ચાલુ કરી દીધા હતા. ત્યારે જાહેર જનતા નું કહેવું છે કે ઘટાદાર વૃક્ષો કાપી રહતા સારા કરવાની માગ સાથે ખેડુતો ને પણ શેરડી તથા કેળના પાક ભાગી ગયા હતા. સાથે ખેડુતોને પણ ભારે નુકસાન . વૃક્ષો પડવા ના કારણે રસ્તા પરની દુકાનો ને તથા ધરોને ભારે નુકશાન થયું હતું.


**જૈન સંવત્સરી, પર્વાધિરાજ પર્યુષણના પરમ પવિત્ર પાવન અવસરે સર્વને મીચ્છામી દુક્કડમ**

અહિંસા , પ્રાણિમાત્ર પ્રત્યે જીવદયા , જીવો અને જીવવા દોનો જીવન મંત્ર નો શુભ સંદેશ અને ક્ષમાપન પ્રતિક્રમણ – ક્ષમાયાચના અને ક્ષમાદાન નું ઔદાર્ય નું મહાત્મય ચરિતાર્થ કરતા પાવક પર્વાધિરાજ પયુષણ પર્વ અને જૈન સંવત્સરી ના મહોત્સવે સર્વજૈન સમાજ તથા મનમંચના વાંચકો ને અમારો મનમંચ પરિવાર મીચ્છામી દુક્કડમ કહેતાં અનેક અનેક શુભ કામનાઓ પાઠવીએ છીએ.

ૐ નમો અરીહંતાણમ જય જીનેન્દ્ર

★ ગણેશ ચતુર્થીના જય શ્રી ગણેશ . ગણેશ ઉત્સદવ નિમીત્તે શ્રી ગણેશ ભકતો તથા ગણેશ મંડળોને શુભેચ્છાઓ સહ જય જય શ્ર ગણેશ

ગણપતી બાપ્પા મોર્યા , મંગલમૂર્તી મોરયા. શ્રી ગણેશ સર્વનદે રીધ્ધી, શુભ , લાભ, સફળતા, શુભ મંગલ પ્રદાન કરે એ પ્રાર્થનાસહ શુભેકામના.

તંત્રી શ્રી મયુર શેઠ
– યજ્ઞનેશ ત્રિવેદી '' મન ઝરુખો ''
તથા સમસ્ત મનમંચ પરિવાર

# ગ્રામ વિદ્યાપીઠ મંગલ ભારતી બી.આર.એસ. કોલેજ ગોલાગામડી ખાતે યોજાયો " શિક્ષક દિન " સેમિનાર

**(સંદીપ શેઠ દ્વારા)**

સંખેડા તાલુકાની મંગલ ભારતી કૃષિ કોલેજ ગોલાગામડી ખાતે ૫ સપ્ટે. નીમીત્તે એન.એસ.યુનિટના ઉપક્રમે " શિક્ષક દિન "સેમીનાર યોજાયો હતો. આ કાર્યક્રમ માં શ્રી દ્વારકેશ હાઈસ્કુલ બહાદરપુર ના શિક્ષક યજ્ઞેશ ત્રિવેદી" મનમંચ " સાપ્તાહિકના " મન ઝરુખો " કોલમના લેખક વ્યાખ્યાનનો કાર્યક્રમ નું આયોજન કરાયું હતું.

શિક્ષક દિન વીશે કોલેજ ના અધ્યાપક દિગ્વીજય સિંહ પરમાર સાહેબ તથા અન્ય અધ્યાપક ગણ, વિદ્યાર્થીઓ એ પ્રાંસંગીક પ્રવચનો કર્યા હતા. આમંત્રિત અતીથી વિશેષ યજ્ઞેશ ત્રિવેદી એ ભારત રત્ન ડો. સર્વપલ્લી રાધાક્રિષ્ણન સાહેબ મહામહીમ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ કે જેઓ એક પ્રાધ્યાપક શિક્ષક પણ હતા તેમના જીવન કથન વિશે માહીતી આપવા સાથે શિક્ષક કેવા હોવા જાઈએ શિક્ષણ કેવું હોવું જોઈએ તેનું વિસ્તૃત વર્ણન કર્યું હતું.

મહાન વિદવાન શિક્ષક આચાર્ય ચાણક્ય નું મસહુર વિધાન "શિક્ષક કભી સાધારણ નહી હોતા, પ્રલય ઔર નિર્માણ ઉનકી ગોદ મેં પલતે હૈ" સમજાવ્યું હતું. શિક્ષકનો શબ્દાર્થ સમજાવી જણાવ્યું કે શિક્ષક સ્વયમ જીવન પર્યન્ત એક વિદ્યાર્થી રહેવા જોઈએ. શીખે , શીખવે, શીખવતા રહે તે શ્રેષ્ઠ સફળ શિક્ષક. - શિક્ષક ક્ષમાશીલ, ઉદાર હોવા જોઈએ. શિક્ષકે કલાકાર કર્મઠ, કર્મનિષ્ઠ હોવા જોઈએ. શિક્ષક વિદ્યાર્થીઓ ના પ્રેરણા દાતા , પથ દર્શક , આર્દશ હોય છે. પુસ્તકની માહીતી નું જ્ઞાન આપવા ઉપરાંત જીવન પાથેય ના જીવન પાઠ ના સંસ્કાર નું સીંચન કરે તે શિક્ષક . શિક્ષક જ્ઞાન આપી ઘડતર કરે છે. વ્યક્તિ નિર્માણ ચરિત્ર ઘડતર, સમાજ ઘડતર કરે છે શિક્ષણ. શિક્ષક સ્વયમ શુધ્ધ, પવિત્ર ચરિત્ર ધરાવતા વિદ્યાર્થીઓ માટે મા- બાપ સમાન હોય છે. શિક્ષક જીજ્ઞાશુ, અભ્યાસુ, વાંચક , વિચારક, વક્તા હોય છે.

# બોડેલીના કડાછલા જીલ્લા પંચાયતના ૧૦ ગામોને સાંસદની ગ્રાન્ટમાંથી પાણીના ટેન્કરનું વિતરણ કરવામાં આવ્યું



**વિકાસ પટેલ**
**બોડેલી**

બોડેલી તાલુકાના કડાછલા જીલ્લા પંચાયત સીટના ૧૦ ગ્રામ પંચાયતોમાં પાણીની સુવિધા માટે સાંસદ રામસીંગ રાઠવાની ગ્રાંટમાંથી ૨૫ પૈકી ૧૦ પાણીના ટેન્કરની ફાળવણી કરવામાં આવી હતી જેમાં કડાછલા, ઉટકૌઇ, ચૂંધેલી, મોટા અમાદરા, છત્રાલી, વંધા, ફેરકુવા, અઠવાલી, નવાગામ, મોટાવાદ આમ ૧૦ ગ્રામ પંચાયતોમાં પાણીના ટેન્કરનું વિતરણ સાંસદ રામસીંગ રાઠવાની ગ્રાંટમાંથી કરવામાં આવ્યું હતું જેમાં ભા.જ.પા. અગ્રણીઆસે જશુભાઇ ભીલ, બીલસીંગભાઇ, મનોજભાઇ શાહ, વિરેન્દ્રસિંહ રાજપૂત, શિવ મહારાઉલ, અભેસીંગ તડવી સહિત પધાર્યા હતા. હાલમાં ગામડાઓમાં પીવાના પાણીની વિકટ સમસ્યા ચાલી રહી છે જેને ધ્યાનમાં લઇને સાંસદની ગ્રાન્ટના ૨૫ ટેન્કરોમાંથી ૧૦ ટેન્કરની ફાળવણી આજરોજ કરવામાં આવી હતી તેમજ ૧૫ ટેન્કરોની ફાળવણી બીજી ગ્રામ પંચાયતોમાં કરવામાં આવનાર છે. જેને લઇને ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળતી હતી.

# ડભોઈ નગરમાં ગણેશ ઉત્સવની તડામાર તૈયારીઓ



**બાલકૃષ્ણ શાહ**
**ડભોઈ**

ડભોઈ નગર તેમજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ચાર દિવસ પછી શરૂ થતાં ગણેશોત્સવ માટે દરેક યુવક મંડળો દ્વારા તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહયો છે. શ્રીજી મહોત્સવની વધતી લોકોમાં ધાર્મિક ભાવનાને લઈ ચાલુ વર્ષે નવા ગણેશ મંડળોનો ઉમેરો થવા પામેલ છે. ડભોઈ નગર અને તાલુકા સહિત નવસો જેટલા નાના-મોટા મળીને શ્રીજીની સ્થાપના થશેનો અંદાજ છે.

આજરોજ ડભોઈ નગર કોટ વિસ્તાર પાસેથી વાજતે ગાજતે હિમજામાતા મંડળના ગણેશજીણી ભવ્ય મોટી મૂર્તિની ગણપતિબાપા મોરીયા ના ગગનભેદી નાદ સાથે વિશાળ શોભાયાત્રા નિકળી જેમાં જીલલા ભાજપનાં મંત્રીને ડભોઈ કોલેજના પ્રમુખ શશીકાંતભાઈ પટેલ સાથે તેમના ધર્મપત્ની જોડાયા હતા.મંડળના હજારો કાર્યકરો સાથે વાજતે ગાજતે સ્થાપના સ્થળે શ્રીજીની સવારીને લઈ જતાં હતાં તે સમયે તેને જોવા માટે લોક ટોળા એકત્રીત થઈ ગયા હતાં.શશીકાંત પટેલે ગણપતિ બાપાને ફુલમાળા અર્પણ કરી પછીજ શ્રીજીની શોભાયાત્રા એ પ્રસ્થાન કર્યુ હતુ.શ્રીજીને શણગારેલી ઉંટગાડીને ભકતજનોએ ખેંચી સ્થાપના સ્થળે પોહંચાડી હતી તે સમયે ડભોઈમાં કોણ છે ગણપતિ બાપા દેવ છે.ના ગગનભેદી નારા સાથે ભકતજનો નાચી ઉઠયા હતાં. ચાર દિવસ પછી શરૂ થતાં તાલુકા અને નગરમાં દશ દિવસ માટે દુંધાળાદેવ આતિથ્ય માણશે.આ દરમ્યાન ભકતો મોંઘેરા મહેમાનના આતિથ્યનો પુરો ફાયદો ઉઠાવશે.અને મનના ઓરતા પુરા કરવા શ્રી ગણેશજીને મનાવવા આજીજી કરશે અને ભજન કીર્તન કરશે એકબીજાથી ચઢીયાતા દેખાવવા માટે મંડળો ફુલ ડેકોરેશન, લાઈવ મુવીંગ, ભજન મંડળીઓ લાવશે તેમજ વિવિધ કાર્યક્રમો યોજશે.આજે વરસાદે વિરામ લેતાંડભોઈ નગર તેમજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી ગણેશભકતો શ્રીજીની પ્રતિમાને લેવા માટે રંગઉપવન બાગ સામે ઉમટી પડયા હતા.ભારે શ્રધ્ધા અને આસ્થા સાથે ભક્તો શ્રી ગણેશજીની પ્રતિમાને વાજતે-ગાજતે લઈ જતા દ્રશ્યો ઠેર ઠેર નજરે પડતા હતાં.આ આખો વિસ્તાર ભકિતમય રંગમાં રંગાઈ ગયેલો જોવા મળતો હતો.સ્થાપના સ્થળે લઈ જવા માટે ડીજેના તાલ સાથે શ્રીજીની સવારીઓનો પ્રારંભ થતા યુવકમંડળના રહીશો, ભાઈઓ-બહેનો તથા નગરજનો મોટી સંખ્યામા જોડાયા હતા. ડભોઈ એ દર્ભાવની નેતી તરીકે પ્રસિધ્ધ છે અને ધાર્મિક તેમજ સામાજીક તહેવારો ઉજવવામાં હમેંશા તે આગળ રહે છે. રાજમાર્ગો પર શ્રીજીની સવારીઓ પસાર થતા તે મહોત્સવ દરમ્યાન ડભોઈ નગર સહિત તાલુકા પંથકના વિસ્તારમં કોઈ અનિચ્છનીય બનાવ બને નહી તે માટે ડી.વાય.એસ.પી તેમજ પી.આઈ.દ્વારા સઘન પોલિસ બંદોબસ્ત નલં આયોજન કરેલ છે.

ડભોઈના રાજા તરીકે પ્રસિધ્ધ થયેલ હિમજામાતા યુવક મંડળના ગણપતિજી ભવ્ય મોટી મૂર્તિની સ્થાપના છેલ્લા ચાર વર્ષથી જીલ્લા ભાજપ મંત્રી શશીકાંત પટેલ દ્વારા કરવામાં આવી રહી છે.અને આ મૂર્તિનો સંપૂર્ણ ખર્ચ તેઓ ઉપાડી લેછે.જેને લઈ આ યુવક મંડળના સભ્યોમાં અનેરો આનંદ છવાઈ ગયેલો આજે નજરે પડતો હતો.આજરોજ શશીકાંતભાઈ પટેલ તથા તેઓનાં ધર્મપત્ની ના હાથે શ્રીજીને ફુલમાળા અર્પણ કરી પછીજ સ્થાપના સ્થળે શોભાયાત્રા એ પગસ્થાન કર્યું હતું.ટાવરે શોભાયાત્રા આવી પોહંચતા નગરના અગ્રણીઓ દ્વારા ફુલમાળા અર્પણ કરી સ્વાગત કર્યું હતું. યુવક મંડળના મુખ્ય આયોજકોમાં દિનેશભાઈ શાહ સાથે હરનેશભાઈ ગાંધી, ચેતનભાઈ સીંધી, ઉર્દીપભાઈ, સંજયભાઈ દુલાણી, સહિત કાર્યકરો શોભાયાત્રામાં મોટી સંખ્યામાં જોડાયા હતા.

# છોટાઉદેપુર જીલ્લાના એસ.ટી. વિભાગના કર્મચારીઓને છેલ્લા કેટલાય સમયથી ગણવેશ ન અપાતા કર્મચારીઓમાં અસંતોષ

**ઈકબાલ શેખ**
**છોટાઉદેપુર**

છોટાઉદેપુર સહિત જીલ્લાના એસ.ટી. નિગમ ના ગણવેશધારી કર્મચારીઓનો ગણવેશ નિગમ તરફથી છેલ્લા ધણાં સમયથી અપાતા નથી. માટે ચાલકો અને પરિચાલકો ફરજ દરમિયાન નિગમ ના કર્મચારી છે કે ખાનગી તે ઓળખવામાં ધણી દ્વિધા અનુભવાઈ છે, અને આ બાબતે કર્મચારીઓ માં વધતો જતો ગણગણાટ ચરમસીમાએ પહોંચ્યો હોવાના અહેવાલો મળ્યા છે. સ્ટેટ ટ્રાન્સપોર્ટ નિગમ ના નેજા હેઠળના ડ્રાયવરો અને કંડક્ટરો ગણવેશ ધારી નોકરો હોવા છતાં નિગમ છેલ્લાં ધણાં ખરા સમયથી ગણવેશ આપતી નથી કે તે અંગેનું રોકડ રકમ આપતી ન હોવાથી આવા કામદારો સીવીલ વેશમાં જ ફરજ અદા કરે છે. આ અંગે ડેપો મેનેજર ને પૂછતાં જણાવેલ કે ધણાં સમયથી ગણવેશ નો કાપડ નિગમ તરફથી આપેલ નથી નિગમ અને આર.ટી.ઓ. ત્યારે જોગવાઈ મુજબ ચાલક અને પરિબાલક સંપૂર્ણ ગણવેશ માં અને પગમાં બુટ અને માથે ટોપી તથા કામદનારો નો બેચ અને બિલ્લો જોવાઈ તે રીતે લગાડવું તેવી જાણકારોના જણાવ્યાનુસાર ફરજીયાત છે. ત્યારે ડિવિઝન કંટ્રોલર એન.ડી.સિસોદીયા ને પૂછતાં જણાવેલ કે હા જ્યારથી હું આ હોદ્દા પર આવ્યો છું ત્યારથી યુનિફોર્મ અપાયા નથી તેની મને જાણ છે. પરંતુ ક્યારથી બાકી છે તેની ચોક્કસ માહિતી મારી પાસે નથી. અને કાપડ હાલ આવી ગયું છે અને જે - તે ડેપોમાં મોકલી આપવામાં આવશે અને સત્વરે તમામ ગણવેશ ધારી કામદારો ને કાપડ મળી જશે.. એટલે હજી પણ નિગમ કામદારો સુધી કાપડ પહોંચાડટવામાં કોઈ મુરત જોતો છે અને જ્યારે હો -હા-પો થાય ત્યારે અપાશે તેવું કહીએ તો કશું ખોટું નથી!

### છોટાઉદેપુર જીલ્લા એલ.સી.બી. દ્વારા

# જીલ્લામાં ઘરફોડ ચોરી તથા મોટર સાયકલ ચોરીના ગુન્હામાં એક સગીર વયના કિશોરની અટકાયત : ૧, ૪૪,૦૦૦/-નો મુદ્દામાલ જપ્ત



**ઈકબાલ શેખ**
**છોટાઉદેપુર**

છોટાઉદેપુર જીલ્લા એલ.સી.બી. દ્વારા જીલ્લામાં બનેલ ધરફોડ ચોરીના - ૪ ગુનામાં તથા એક મોટર સાયકલ ચોરીના ગુનામાં સંડોવાયેલ સગીર વયના કિશોરની મો.સા. ૧, લેપટોપ -૨, મોબાઈલફોન -૪ મળઈ કુલ કિં. રૂા. ૧,૪૪,૦૦૦ /- ના મુદ્દામાલ સાથે અટકાયત

પોલીસ અધિક્ષક શ્રી, જયપાલસિંહ રાઠોડ સાહેબ નાઓ દ્વારા પોલીસ ઈન્સ્પેકટર શ્રી, આર.બી.દેવધા એલ.સી.બી. નાઓ જીલ્લામાં બનતા સંબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા બનેલ ગુનાઓ શોધી કાઠવા તથા ગુનાઓ અનુસંધાને ખાનગી રાહે હકીકત મેળવી વણશોધાયેલ ગુનાઓ શોધી કાઢવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપવામાં આવેલ ગઈ કાલ તાઃ ૧૧/૯/૧૫ ના રોજ એલ.સી.બી. છોટાઉદેપુર નાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે એક સગીર વયનો કિશોર ચોરીની હિરો હોન્ડા સીડી ડીલક્ષ મો.સા. લઈને કવાંટ બજારમાં આવનાર છે. તે હકીકત આધારે કવાંટ ધનીવાડા નાકા પાસે વોચમાં રહી સગીર વયના કિશોરને ચોરીની મો.સા. નં. જીજે. -૨૦-પી-૦૭૯૧ ની તથા એક ઈન્ટેક્ષ કંપનીના મોબાઈલ ફોન સાથે અટકાયત કરવામાં આવેલ અને તે મો.સા. તથા ફોન બાબતે પૂછતા મો.સા. તેણે આજથી ૫ દિવસ પહેલા કવાંટ જીઈબી ના કંપાઉન્ડમાંથી ચોરી કરેલ અને મો.ફોન વિસેક દિવસ પહેલા નસવાડી ખાતેથી એક મકાનમાંથી ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ.

પકડાયેલ સગીર વયના કિશોરને અગાઉ પણ છોટાઉદેપુર એલ.સી.બી. દ્વારા છોટાઉદેપુર તથા કવાંટ પો.સ્ટે.ના ચોરીના ગુનાઓમાં અટકાયત કરવામાં આવેલ હોય અને ફરીથી ચોરીના મુદ્દામાલ સાથે પકડાઈ ગયેલ હોય સદરી કિશોરની વધુ પૂછપરછ કરતા તેણે બીજી પણ નીચે મુજબની ચોરીઓ કરેલાની કબૂલાત કરેલ છે.

ગયા વર્ષે ઉત્તરાયણના દિવસે કવાંટ રામદેવ કોલોની માંથી એક મકાનમાંથી એક લેપટોપ ચોરેલાની કબુલાત કરેલ છે.

આજભથી એક મહિના અગાઉ બોડેલી શિવશક્તિ સોસાયટીમાંથી ત્રણ મોબાઈલ ફોનની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે.

તેમજ આજથી વિસેક દિવસ પહેલા નસવાડી મેમણ કોલોનીમાંથી મોબાઈલ ફોનની સાથે રોકડ રકમ રૂા. ૫૫૦૦/ - તથા ઈન્ટેક્ષ મોબાઈલ ફોનની ચોરી કરેલ અને તે જ રાત્રીએ નસવાડી જમાત ખાના પાસે ખુલ્લી જગ્યામાં ઉંઘતા માણસો પાસેથી રોકડ રકમ રૂા. ૧૩૦૦૦/- ની ચોરી કરેલાની કબુલાત કરેલ છે.

સદરી પકડાયેલ સગીરવયના કિશોરે ચોરી કરેલ લેપટોપ નંગ - ૨ તથા મોબાઈલ ફોન નંગ-૪ તથા એક મો.સા. મળી કુલ રૂા. ૧, ૪૪, ૦૦૦/- ના મુદ્દામાલ સાથે સગીર વયના કિશોરની અટકાયત કરવામાં આવેલ છે. અને જીલ્લામાં બનેલ ધરફોટ ચોરીના -૪ ગુનાઓ તથા એક વાહન ચોરીનો ગુનો મળી કુલ ૫ ગુનાઓ નો ભેદ ઉકેલી કાઢી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.

### છોટાઉદેપુર જીલ્લાના સંખેડા તાલુકામાં

# મેવાસ વિસ્તારના ચમરવાડાથી કારેલીગામને જોડતા હેરણ નદી ઉપરના પુલનું ખાત મુહુર્ત




**ખાતમુર્હુત થતાં સેંકડો વિદ્યાર્થીઓની સમસ્યાનું આખરે નિરાકરણ આવશે**

છોટાઉદેપુર જીલ્લાના સંખેડા તાલુકામાં મેવાસ વિસ્તારના ચમરવાડાથી કારેલીગામને જોડતા હેરણ નદી ઉપરના પુલનું ખાત મુહુર્ત આજે માર્ગ અને મકાન મંત્રી જયદ્રથસિંહ પરમાર ના હસ્તે કરતા આ વિસ્તારના રહીશોમાં આનંદની લાગણી ફેલાઈ છે. જો કે પુલના ખાત મુહુર્તની વિધી કાવિઠા કરાઈ હતી. પુલની ખાત મુહુર્તની વિધી ચમરવાડા થઈ હોત તો

**રાજેશ પંચોલી**
**બહાદરપુર**

આ વિસ્તારના લોકોને વધુ આનંદ થાય છે.

છોટાઉદેપુર જીલ્લાના સંખેડા ના મેવાસ વિસ્તારના ચમરવાડા સહિત ૧૫ ગામના આશરે ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ હેરણ નદીમાં પિત્તળની ધોળી જેવા સાધનની મદદથી તરીને સામા કિનારે ઉતાવળી ગામે ભણવા માટે જતા હોવાનો અહેવાલ ગયા વરસે મિડીયામાં જાહેર થયો હતો. ત્યાર બાદ આ પુલ બનાવવા માટેની કામગીરી સરકાર દ્વારા ગયા વરસે મંજુરી અપાઈ હતી. આજે પુલના ખાત મુહુર્તની વિધી માર્ગ અને મકાન વિભાગના મંત્રી જયદ્રથસિંહ પરમારના હસ્તે કાજવઠા મુકામે કરાઈ હતી. જેના પગલે મેવાસ વિસ્તારના લોકોમાં ખૂબ જ આનંદની લાગણી ફેલાઈ હતી. આ પુલ માટે વિદ્યાર્થીઓને શાળામાં જવા આવવાની તકલીફ દૂર કરવા માટે પુલ માટે ૮ કરોડ રૂપિયા મંજુર કર્યા હતા.

તાલુકા અને જીલ્લા પંચાયતની ચુંટણીના ડમડ્મિયા વાગી રહ્યા છે. ત્યારે સંખેડા તાલુકાના કાવિઠા ગામે આજે સંખેડા અને બોડેલી તાલુકાના વિવિધ વિકાસલક્ષી કામોના ખાત મુહુર્ત અને ભૂમિપૂજન નો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૪૦ કરોડ રૂપિયાના વિકાસલક્ષી કામોના ખાતમુહુર્ત અને ભૂમિપૂજન થયા હતા. જેમાં લોટીયા - ફાંટા - સણોલી રોડનું કામ, હરેશ્વર-માલ/- રૂસ્તમપુરા રોડ, સુવિધા પથ, મોરખલા- વાંદરડા રોડના મજબુતીકરણનું કામ, તોરણિયા - દેવલીપુરા, ટીંબા- શેપુરાતેમજ વસાહતો ના રસ્તા વિગેરે કરાયા હતા.

આ પ્રસંગે પંચાયત પ્રમુખ રશ્મિકાંત વસાવા, માજી ધારાસભ્ય અભેસિંહભાઈ તડવી, જી.પં.બાંધકામસમિતિ ચેરગમેન કાંતીભાઈ તડવી, કારોબારી અધ્યક્ષ રમેસભાઈ બારીયા , તાલુકા પંચાયત પ્રમુખ મિનાક્ષીબેન પટેલ, કાર્તીકભાઈ શાહ, પ્રાંત અધિકારી એમ.એલ.નલવાયા સહિત અનેક આગેવાનો હાજર રહ્યા હતા.

PUBLISHER, OWNER, PRINTER, EDITOR :MAYUR KANTILAL SHETH * PRINTED AT : SHIV GRAPHICS , HAJI MIYA NI SARA, NR. NATIONAL BEKERY, BARANPURA, VADODARA. & PUBLISHED FROM, OFFICE AT: OPP. SHREENATHJI TEMPLE, MITHAKUVA, AT.& PO. BAHADARPUR, TA. SANKHEDA, DIST. CHHOTAUDEPUR. (GUJARAT)